


# प्रणामजी

## ॥ શ્રીબાઈજીરાજ લિખિત પત્રિકા ॥

સ્વસ્તિ–શ્રીધામનો સાથ શ્રી જે દિનથી મારા શ્રી શ્રી ધામનો સાથ રમત જોવાને કાજે પધાર્યા છે, તે દિનથી અતિ અનોપમપુરીજી શ્રી રાજનગર સ્થાને માહારા શ્રી શબ્દાતીતના સાચા સંબંધી શ્રી સાથજી, માહારા શ્રીહદથી તીત બેહદ બેહદાતીત સગાઈના સગા, માહારા પરમ પ્રીતમ બાલસ્નેહી શ્રી સાથજી, માહારા મૂલ સ્નેહી શ્રી સાથજી, માહરા પરમ સ્નેહી શ્રી સાથજી, માહારા વ્રજલીલાના સંબંધી શ્રી સાથજી, માહારા રાસલીલાના સંબંધી શ્રી સાથજી માહારા શ્રી ધામ મધ્યે ધની સાથે વિહાર કરનાર શ્રી સાથજી, મારા વેદવેદાન્ત ભાગવત ગીતાના અર્થ લઈને પોતાની આત્મા પ્રસન્ન કરનાર શ્રી સાથજી, માહારા શ્રીવેદ અથર્વન મધ્યે જે કિતાબો ચાર–અંજીર, જંબૂર, તૌરેત, ફિરકાન, ચારે કિતાબોનો તારતમે મેળવીને સમજણહાર શ્રી સાથજી, સુસમવેદ જિલ્દ પાંચમી ઇલાહી આસમાની ખોલી સમજીને લેવાવાળા શ્રી સાથજી, અસત મંડળ મધ્યે સતવસ્તતે ઓળખીને સત અસતના ભેદ ખોલનહાર, માહારા પ્રેમના પુંજ શ્રી સાથજી માહારા પુર્ણાનંદ સંબંધી શ્રી સાથજી, મહારા પ્રેમના પુર ચલાવનહાર શ્રી સાથજી, માહારા શ્રી ધણી શ્રીદેવચંદજીના વાહાલેસરી, તથા શ્રી શ્રી

કોઠામણી શ્રી પુરી નઉતન ને ભાઇ શ્રી મહાવજી, તથા ભાઇ મહાવજી બીજા, તથા ભાઇ પૂજા, તથા ભાઈ અબજી, તથા ભાઈ રામજી, તથા ભાઈ રણછોડદાસ । તથા ઠઠાના સાથી ભાઈ હરીરામનો સાથ સમસ્ત। તથા વળી જે કોઇ પુરસ દેવ તથા સરુપદેવ તથા બીજા જે કોઇ મેલે મોટે સાથ હોય તે સમસ્ત। તથા વળી જે કોઈ શ્રી રાજજીનો નિશ્ચય કરી આસરો ગ્રહી રહ્યો હોય તે સમસ્ત શ્રી રાજજીને ચરણ તલે આરોગ્ય હુજો જી, તમ પર શ્રી રાજજીની દૃષ્ટિ સનકૂલ હુજો જી, તમારે ચિત્તમાં સેવા પતિવ્રતાની સ્નેહ જારવતીનો નિત નિત નવલે રંગે હોજો !

એનાન શ્રી પરણાથી લીખિતં શ્રી બાઇ અમલાવતીની વાસના, ભાઇ લાલદાસ તથા ભાઈ મકુંદદાસ, ભાઇ ઉત્તમદાસ, ભાઈ ગરીબદાસ, ભાઈ લછીદાસ, ભાઈ વૃંદાવનદાસ, ભાઇ જીવનદાસ, તથા સકુંડલાબાઈ, શ્રી બક્ષદીવાનજી તથા સકુંડલાબાઇકો સાથ સમસ્ત, તથા સકુમારબાઇનો સાથ સમસ્ત, તથા સાથ ઝાઝો સરુપદેવ પુરેસ દેવ। તથા મહારાજ-કુમાર શ્રી દેવકરનજી તથા સાથ સમસ્તકે પરનામ વાંચજોજી।

તે આંહી શ્રી રાજ વિરાજમાન છે તેણે કરીને સુખ અલેખે છે। શ્રી સાથજીના સુખ સમાધ આનંદ મંગળની પત્રિકા લખવી।

બીજૂં હકીકત પ્રીછજો જે તમારી પાતી ભાઈ કેશવદાસ સાથે આવી, તે વાંચો શ્રી વિહારીજી ધામ પોહોંતાની હકીકત લખી તી, તે સમાચાર વાંચીને ઘણૂં દુઃખ ઉપન્યું। પણ એ દુઃખ ઉપન્યું લખાય છે તે લૌકિક છે, નહીં તો અલૌકિક કાંઈ દુઃખ કહેવાય નહીં। અલૌકિક દુઃખ તેને કહિયે જે વિરહા સાંભળતાં અરવાહ ઉડી જાય, તેની સાખ—

વિરહા સુનતે પિયુકા, આહિ ન ઉડગઇ જિન ।
તિન વતન સહિયાં સબ યૌં કહેં, નહીં ન એ વિરહિન ॥

તે માટે ભાઈજી એ દુઃખ જે કાંઈ લખિયે છે તે ચતુરાઈમાં ભળે છે।

ભાઈજી તમે લખ્યું તું-જે વિહારીજી તમને સંભારતાં સંભારતાં ચાલ્યા, પણ તમે પાછૂં વળીને જોયું નહીં । તે તો તમે લખ્યું તે ખરૂં, વાંક અમારોજ છે, સ્વામી છે તે નિર્દોષ છે, દોષ સેવકને માથે આવે। અમે ટાઢકણીયું પત્રિયું લખતાં, માણસ પણ મોકલ્યા, એહનો દુઃખ ભાજવાને કાજે, પણ ન પત્રી જોયે વાંચી જુવે, ન જોયે માણસને મોંહ દિયે। દુઃખ તો તો ભાજે જો ઓસું બેસીને રદબદલ કીજે, તે તો માણસને મોંહ દે નહીં. પત્રી જોયે વાંચે નહીં અને ઓ પણ સાંચો ઉન મનમાં એવું આવે કે એ મોસું એમ કાં કરે। હું લાખ અવળાં વચન કહું પણ ઓ કેમ કહે। એને તો એ ગાંડ આવી પડી—હું તો ઉહાં જઈ ન શકું, જે મુખાપુખ જઇ રદબદલ કરૂં। અને ગાંઠ છોડું દુખભાજી. એ વાતનું તમને અમે પણ લખ્યું તું જે તમ માંહીથી કોઈ આવીને આંહીની હકીકત લઇને બે વચ્ચે થઇને એ દુઃખ છે તે મિટાવે। તે માટે ઓ જે દુઃખ લીધા ગયા તે દુઃખ અમને ઘણું સાલે છે। શ્રી દેવચંદજી પણ માયા માંહે દેહ ધરીને અત્યંત દુઃખ પામ્યાં। અને આ તો દુઃખની ભોમ છે, તમે જાણો છો દુઃખ માગી લીધેલ છે। ભાઈજી અમારા મનમાં હામ ઘણીયે હતી જે આ કારજ આંહી ઉપજ્યું છે—જે સકુંડલાબાઈ સકુમારબાઇનો મેળો કરી આંહી ભલી ભાતસું પધરાવી દુઃખ છે તે સઘળું ભાજશૂં। પણ તે તો મનની મનમાં રહી ગઈ। ભાઈજી ઈહાં બીજા કેનો ચારો નથી, શ્રી ધનીજીની આજ્ઞા છે તે થાય છે।

પહેલી કાલમાયા દેખાડી અગિયાર વરસ લે એક રાતની યોગમાયા તે વચ્ચે આવેશ લઈ અંતર્ધાન કરી વિરહ દેખાડયો. ફેરિ વળી કાલ-માયા દેખાડી, તે માહે શ્રી દેવચંદજીની શ્રી વિહારીજીની બે લીલા દેખાડી તે તો જોઇએ જે વાતે શ્રી ધામમાં શ્રી ધણી કરતા ગયા તે આંહી થાતું ગયું। તે તો તારતમમાં શ્રી ધણીજીએ તમને કહ્યું છે. તે તમ જાણો છો। એ વાતે સર્વ સમજો છો। મોટિયું બે સખિયું યુથવાળિયું સકુમારબાઈ તથા સકુંડલાબાઇ તે તો હજી પ્રગટ હવે થાશે, તે માટે એ વાત છે તે તો શ્રી ધણીજીને હાથ છે, એમાં જે કોઈ પોતે પોતાને માથે લીયે તે ચંપાઇ મરે, નાટક જેમ કાષ્ઠની મટકડી બાજીગર જેમ મટકા કરાવે તેમ આ મટકા કરે। આપણી વાત એ ભાંતની છે। શ્રી ધણીજીના નચાવ્યા નાચૂં છૂં।

## હવે સમાચાર પ્રીછજો—

મેં તમને ચેતના દેઈ પોતાવટ જાણી પત્રિયું લખિયું । બીજી વઢી પ્રકાશનીયું મોટિયું પત્રિયું લખિયું પણ તમે તોયે સમ જ્યા નહીં । સમજો તો જો માયાનો પખ હલવો થાય, જાણો જે રખે જામની ઠકુરાઈ અમારે હાથથી ઉતરી જાય । પણ જામ જે ગુજરાતવાળાની ચાકરી કરે છે, તે પણ પાતશાહની ચાકરી કરે છે । તે માયાને જ્યારે ઉડાલશે, હાથયાર છોડશો ત્યારે તમે સમજશો । ત્યાં લગે એ માયા છુટતી નથી ।

શ્રીદેવચંદજી સકુમારબાઈ સકુંડલાબાઈ સકુમારબાઇ જોયાને મનોરથ કરતા પણ નવતનપુરી મુકી શકયા નહીં । શ્રીવિહારીજી પણ કહેતા તા કે જાહાં લગે હુ બેઠા છું તાંહાં લગે શ્રીદેવચંદજી બેઠા છે । હું શ્રી દેવચંદજીનો મનોરથ પૂરણ કરીશ । બાહાર નિકળશુ, સકુમારબાઇ સકુંડલાબાઈની ખોજ કરીશ । તે તો થયું નહીં । ભાઈજી એ વાતો સઘલીયું અથર્વનવેદનો પ્રકાશ જે કુરાણ તેમાં સર્વ લખ્યું છે, તે સમજજો । જોગમાયા પણ આ કાલમાયા ઉપની, તેમાં પહેલા બ્રહ્માડમાં જે શેષનો અવતાર બલભદ્રનું સ્વરૂપ હતું, તે સ્વરૂપને નારાયણજીની આત્માનો અવતાર દ્વારકાવાસી કૃષ્ણ સાથે લેઇને આ બ્રહ્માડમાં મથુરા દ્વારકા મધ્યે લીલા કીધી । ગીતા ભાગવતનું જ્ઞાન કહ્યું, એ બેઉ મળીને એક સ્વરૂપ છે, એનું નામ કુરાનમાં હિસામ કહ્યું છે, ને એક યાફિસ તે તુરકસ્તાનમાં આવ્યું તે પહેલું વિષ્ણુની સુરતનું ચતુર્ભુજ ને રાસવાળો સ્વરૂપ તે આવ્યું કુરમાન લેઇને બરારબમાં રસૂલ નામ ધરાવ્યું । એ ત્રણે દીકરા વસુદેવજીના કુરાને કહ્યા । તે રાસ પછી ત્રણે ત્રણ જગ્યા પ્રગટયા । તે માટે રાસવાળો સ્વરૂપ તો કુરમાન લાવ્યો, તે કુરમાન આપનો, જે આપન વિના અને શ્રી દેવચંદજી કુંજી લાવ્યા તે વિના ત્રિલોકી આખી મળે તો એ વચનોના અર્થ થાય નહીં, તેની સાખ—

રાસ લીલા કરકે, આયે બરારબ શ્યામ ।
લિખી હકીકત જાહેર, જાકો નિજ વતન શ્રી ધામ ॥૧॥
સામ સ્વરૂપ ઇત આયકે, બંધ બાંધ્યો માંહે કુરાન ।
સો ઝગડ અસુરનકો દિયો, સો બધે તિન કુરમાન ॥૨॥

ઔર શોભા સબ વિધ, યામે લિખી બ્રહ્મસૃષ્ટિ ।
અંદર અર્થ જ દેખિયે, તબ ખુલે અંતર દૃષ્ટિ ॥૩॥
વિધ સારી યામે લિખી, જિનથે ન રહે અજ્ઞાન ।
બાહિર દૃષ્ટિ અસુર, કર બૈઠે અપના કુરાન ॥૪॥
અસુરન સોં ઐસે કહ્યા, કાગદ એ પર વાન ।
જબ આવસી રબ આલમકા, તબ ખુલસી ફુરમાન ॥૫॥
કાગદમેં ઐસા લિખા, જો આવેગા સાહેબ ।
માયને મગજ મુસાફકે, સબ જાહેર હોસી તબ ॥૬॥
એ કાગદ જો કિતાબ, સો નીકે રખિયો તુમ ।
મેં લિખા હૈં ઈશારતાં, સો આય ખોલસી હમ ॥૭॥
ઔર કોઈ ન ખોલ સકે, એ સવાલ કુરાન ।
હમારા હમ ખોલસી, અપની એ પહિચાન ॥૮॥
દુનિયા ચૌદે તબકોં, ઔર મિલો ત્રિગુણ ।
માયને મગજ મુસાફકે, કોઈ ખોલૈ નાહમ વિન ॥૯॥
ધની માયને ખોલસી, સત્ય જાનિયો સોય ।
ધની વિના એ માયને, ઔર ન ખોલૈ કોય । ॥૧૦॥
પર નામ સારાં જુદે ધરે. ઊપર કરી ઈશારત ।
એ ફુરમાન ખોલ જાહેર કરૈ, ધની જાનિયો તિત ॥૧૧॥

ઔર સાખી—

કરામાત કલામ અલ્લાહકી, સાચી કહિયત સોય ।
લિખી હૈ કુરાનમેં, સો મેહદી વિના ન હોય ॥૧૨॥
પઢા નહીં ફારસી, ના કછૂ હરફ આરબ ।
સુના ન કાન કુરાનકોં, ઔર ખોલત માયને સબ ॥૧૩॥

તે માટે ભાઈજીએ વારતા શ્રી ધામધનીજીની ઘણી છે। આ પત્રો વિષે કેટલી લિખું । જે તારતમ શ્રી દેવચંદજી લાવ્યા છે, તે શ્રી ધામથી કુંજી લાવ્યા છે, અને શ્યામ સ્વરૂપે ફુરમાન લાવ્યા છે, તેમાં સઘળીયું ઈશારતો શ્રી ધામનીયો તથા બ્રજરાસનીયો તથા શ્રી દેવચંદજીની લીલાનીયો તથા શ્રી બિહારીજીની લીલાનીયો તથા સાથ સહ્દ

મળી એકઠો થાશે. સકુમાર બાઈ, સકુંડલાબાઈ તથા કુમારિકાઓ મળશે તો વિશ્વ આખી મળશે । એ ત્રણે સૃષ્ટિની વિગત આ ફુરમાનમાં લખી છે । બાજિયો અનેક ઈશાર તો અપનીયો લખિયો છે । તે શ્રી દેવચંદજીની કુંચી વિના ઉઘડે નહીં । તે ઈશારનો ઉઘડય ની હકીકત તમને અમે લખી લખી થાક્યા, પણ તમારી નિદ્રા ન ઉડી । હવે સકુમારબાઈ ને સકુંડલાબાઈ બન્ને જ્યારે મળે અને સંસાર બધો જ્યારે એકઠો મળે, સર્વેની નિદ્રા ઉડે, ત્યાર પછી તમે નિદ્રા ઉડાડજો ।

જેણે સાથે શ્રી દેવચંદજીનું દર્શન નથી કીધું ન કાંઇ શ્રી બિહારીજીનું દર્શન કીધું છે તે સાથે કઈ હજારો કમાલા શ્રી દેવચંદજીની નિધના ધની થયા બેઠા છે, ભાંત ભાંતનો પ્રકાશ લીધે બેઠા છે, અને અનેકવિધ વિસ્તાર વધતો જાય છે । અને તમે જે શ્રી ધણીજી શ્રી દેવચંદજીની નિધના ધણી હતા તે મુરદાર માયાને લાગી રિયા છો, તેહની સાખ–

માયા કરક કદીમકી, કેતે ગયે ચંચોડ ।
અબહી કેતે જાંયગે, પદમોં લાખ કરોડ ॥૧॥

તે માટે સમાચાર પ્રીછજો । હવે તો દહાડા આંવી પહોંચ્યા છે । વરસ ૫ પાંચ સાથ વજ્યાના બાકી રિયા છે ।

વળી હકીકત એક પ્રીછજો–મહારાજ કુમાર શ્રી દિવાન છત્રસાલ તથા મહારાજ કુમાર દિવાન શ્રી દેવકરનજી તથા ભાઇ, તથા કુવર પુરસદે તથા સરૂપદેબાઈ શ્રી સકુંડલાબાઈનો સાથ સમસ્ત અનેક પ્રગટયા છે, નામ કેટલા લખું । બધે બુંદેલખંડ માથું ઉપાડયું છે । તે મધ્યે શ્રી દિવાનજીના સ્વરૂપ ઉપર શ્રી રાજજીની મોટી કૃપા થઇ છે । તે કાંઈ આ પત્રીમાં કેટલી લખાય, અલેખે કૃપા છે । સાથની શોભાનો ભાર સર્વે માથે ઉપાડી લીધો છે, તેહવો પ્રકાશ પણ પૂરણ થયો છે । અમે જે વૈરાગીની ભાંત જે હતા તે જાહેર રાજાની ભાત કરી બેસાર્યા છે । તે વિષ કેટલી લખું । આંહીના આવનાર કહેશે ।

સાક્ષાત સ્વરૂપ ઓળખીને સેવા કરે છે । ફુરમાનનો તથા મહંમદ સાહેબનો તથા ખાસી ઉમ્મતનો, એ ત્રણેના દાવા માથે ઉપાડી લીધો છે। પ્રગટ કહે છે કે એ ફુરમાન છે તે અમ ઉપર આવ્યો છે, અમારો છે ।

મહંમદ સાહેબ કુરમાન લાવવાવાળા તે અમારો છે, ખાસી ઉમ્મતના અમે છઊં । એ ભાતના કાગળ દાવાના માથે લઇને પોતે પાતશાહને લખે છે, તથા ઠામઠામ ઊમરા ઊપર તથા ઠામ ઠામ રાજાઓ ઊપર કાગળ લખે છે । પોતાની વાણી પ્રકાશની પોતે કહે છે, તે હમાં સકુંડલાનો અમોગ દીપો છે । એહવી દયા શ્રી ધણીજીની અંતરગતની પ્રકાશની છે । અને તેહવી દયા દર્શનની, વસ્તો દીધાની, આરોગ્યાની, ભાતભાતની દયા વૃધ્ધ થાતી જાય છે । એ ધણીની કૃપા જોઇને અમે પણ જાણું છું જે બાઇ સકુંડલા એ દીસે છે । ચેહેન પણ એહવાજ દેખાડે છે, કૃપા પણ બન્ને વિધની આજ દી લગે કોને થઈ નથી તે વિધ થઈ છે ને વૃધ્ધિ થાતી જાય છે । સેવા પણ એ ભાતની કરે છે—રેસમ હેમ ઝવેરમાં અમને લપેટ કરી મૂકયા છે । કઇ દુલીચા, સુજનિયું બિછાનું, પંચામૃત પ્રસાદ રૂપા સોનાને વાસણે લેવરાવે છે । ગાયો ભેંસોનાં ધન બધા બારણે આણી બાંધ્યા છે । એ વાતનું શું લખિયે । સઘળી વાતનો ભાર ઉપાડી લીધો છે । તે માટે જાણિયે છે જે એ સકુંડલાબાઇ છે । જ્યારે સકું-ડલાંબાઇ પ્રગટયા ત્યારે જાણો જે સકુમારબાઈ આવ્યાની ઢીલ નહીં થાય ।

હવે આણી ભાત તમને લખીએ છે તોહે તમારી નિદ્રા નથી ઉડતી । જાણો તો સકુમારબાઈ આવ્યા પછી અમે ધામ ચાલ્યાં ઊપરે થાશે ત્યારે તમે નીંદ ઉડાડજો । બીજા સાથ સઘળાના જુજવા પડયા છે, શહરમાં તથા બીજે ગામે તે સર્વને દિલાસો દેઇ આ પત્રી વિગતે કરી વાંચી સંભળાવજો । જેહને લખવું ઘટે તેહને લખજો । સાથમાં શોભા ઘણી તેહને દે છે જે સાથની સેવા કરે છે । સાથને મેળો સહુના એક ચિત્ત કરે છે । સાથ માંહે ત્રોડ પાડે, શોભા તેહને કેમ આવે । એટલૂં ચિત્તસૂં વિચાર કરી જુઓ । એક બીજાના અવગુણજ લેતા ચાલા જાશો પણ ધણી શ્રી દેવચંદજીની નિધના ભુગતારી નહીં થાઓ । બીજી લખીશ તે પોતાવટ જાણી, તેહમાં તમે દુખ પામો છો । પણ એટલું ચિત્તને વિષે નથી વિચારતા જે આટલું લખે છે તે એ શું કામ, એહનું અમ વિના અટકી રિયું છે! જે અમને લખે છે । તમે આવશો તેણે મારો સાથ મળશે કે તમે પાંચ પૈસા લાવશો તેણે અમારો ખર્ચ ચાલશે! કે તમે ચાર માણુસ આવી મારી શોભા વધારશો તેણે મારી શોભા વધશે ?

રે મુરખો, ચંડાલો, દુષ્ટો, અભાગિયાઓ, શ્રી દેવચંદજીની નિધ હાથ આવી કેમ ખોઓ છો ?, જે ચૌદે લોકને મુક્તિ દેશે. ત્રિગુણ આદિ દેઇને વસ્ત તે મેલીને તે નિધના ધણી ટગીને ચંડાલી જે માયા તેને લાગીને કાજે મોંહે જાઓ છો, આવડી વાત થઇ હજી જાગતા નથી । હજી મનમાં ગુમાન રાખો છો જે અમે કાંઈ ચાર સાથને લેઈ નિકળશું તે તમે આપોપૂં વિચારો । આપ તરશો તો બીજાને તારશો । આપ તો હજી માયાના વિકાર દુવિધામાં બળો છો. તે મનમ. જાણો છો જે અમે સાથને સમજાવાને ધામ પહોંચશું । શ્રી દેવચંદજીએ ભાર ન લીધો, શ્રી વિહારીજીએ ન લીધો તે તમે લઇને સાથને તરશો, તે સાથ કીહા જેહને લેઇને તરશો । માંહોમાંહે વિરોધ ને ક્રોધ તાં જાતો નથી અને બીજાને પરમોધવા બેસો છો । મનમાં જાણો છો જે શ્રી દેવચંદજીની લીલા છાની ની છાની ચાલી જાશે । વ્રજલીલા પહિલી થઈ કાલમાયા તેણે બ્રહ્માંડ અખંડ કીધું, તે થકી ચઢતી થઈ જોગમાયા તેણે બ્રહ્માંડ અખંડ કીધું, તે થકા અધકી જે માહે તાર તમ આવ્યું જેહમાં સઘળી સુધ જાગણીની, જેહમાં સઘળી ઓળખાણ વ્રજમાં તથા રાસમાં ઓળખાણ નોહોતી, જે અમે કોણ છું, કિહાં આવ્યા છું ને ધામ કિહાં છે । અને આ લીલામાં સર્વ ઓલખાણ સાક્ષાત શ્રી ઠકુરાણીજીનું સ્વરૂપ લઈ પધાર્યા છે। તારતમ તેજ જોત પ્રકાશ ઉદય થયો છે તે અહીં બેઠાં લીલા સર્વ સંસારમાં પ્રગટ થઈ મુક્તિ દેઇને શ્રી ધામ ચાલશું । આ તે લીલા છે એવી જે લીલા તે માંહેથી નિકળી મુઈ કુતરીને વળગી રહ્યા છો । એ પત્રી સાંભળી જેહનો ધણી નહીં આવે તેનો ધણી માથું કૂટતો પીટતો પછે તો તોબા દરવાજા દેવાણા પછી આવશે । પોતાની પોતાને સુધ નથી ને બીજાનું સમજાવા જાવ છો । તે માટે ભાઈજી તમે મારા શ્રી. દેવચંદજીની લીલા માંહે હતા, મારા જન્મ સંઘાતી, બાલ સંઘાતી, પૂર્વ સ્નેહી, મૂળ સ્નેહી છો તો એટલું લખુંજી, વઢીને લખું છું, હજી જે વાત મારા હિરદે છે તેહવું જો તમને પ્રગટ કરી લખું તો તમને ઘણું દુઃખ લાગે । એ વાત તો જ્યારે મળશું ત્યારે કરશું ને હમણાં જો લખું તો અવળૂં ભાસશે । જે અમારી ફજેતી લખે છે, શા માટે કે વિકાર છે તેને સવળું નહી ભાસે અવળું ભાસશે, તે માટે ઘણું નહીં લખતા । તે માટે ભાઈજી છેલ્લી પત્રી લખું છું । જો હવે ભૂલ્યા તો કાંઇ ઠામ નથી । પછે કહેશો જે કહ્યું નહી । તે માટે જો કદાંચ ધણી

તમને શોભા દીયે તે અહંકાર મેહેલી સર્વે એક ચિત્ત થઈ એક બીજાના ચરણુની રેણુ થઇ આ વચન વિચારી જોજો । હવે અમે ઘણું શું લખું । થોડે લખે ઘણું પ્રીછજો ।

હકીકત આંહીનો સાથ આવ્યો છે તે કહેશે । બીજું તમે લખેલું કે શ્રી વિહારીજી તો પધાર્યા અમે ચાલવા ઊપર છું । આ અમે તમને છેલ્લી પત્રી લખી છે, તેણે જાણીએ છેલ્લી લખી છે કે પહેલી લખી છે તે તો શ્રી ધણીજીના હાથ છે, તે તો કાંઇ તમારે હાથ નથી । જો તે આપને હાથ હોય તો ધણી ચાલતાં આપનું ચાલવું થાત, તે તો કાંઈ થયું નહીં । માયા ફેલાવ તો કાંઇ ઘટતો નથી અને મુખથી કહિયે કે અમે ચાલશું । જો કદાચ ચાલ્યા તો કહાં પહોંચશું તે કંઇ જાણો છો કે શ્રીદેવચંદજી સાથને તેડવા પધાર્યા છે તે સાથને માયામાં એમજ મૂકીને ધામમાં પહોતા તમો હમજ જાણો છો । એ વાત તમે સમજ્યા નથી જે ચાલતાં ટાણે શ્રી દેવચંદજીએ કહી કે ધામને દરવાજે ઇંદ્રાવતી ઊભી છે કે રૂવે છ હું જઈ નથી શકતો, એની વાસના મેહેરાજ છે, તેહને તેડી આવો, જે મોરું મેળાપ કરે । તે સઘળાને તેડવા મોકલ્યા—જમે।દાબાઈ, દેવો, જેઠો, ઓધવજી, તથા વિહારીજી, તથા બાલબાઇ । એઓને વઢી વઢી તેડવા મોકલ્યા તે પછી હું આવ્યો । આવી મેળાપ કીધો—એ તમે જાણો છો । સરૂપ સાથને તેડયા વિના ધામમાં પહોંતું કે કિહાં પહોંતું । શ્રી વિહારીજી પધાર્યા તે ધામમાં પહોંતા કે કિહાં પહોંતા ।

સકુમારબાઇ ને સકુંડલાબાઈ જે સખિયો સુપનમાં હરખમાં છે તે સખિયોને વિહારીજીએ પરખીને પાછિયો વાળિયો નથી । તો શ્રી દેવચંદજી શ્રી વિહારીજી કેમ પહોંચશે । તમે જો એ સાથ માંહેલા હશો તો તમે કેમ પહોંચશો । ભાઈજીએ તારતમની યો વાતો છે તે મોટિયો છે । હજી કાલમાયા નિદ્રા લીધ બેઠા છો । એ અંધેરમાં અધેરના સ્વરૂપ છે તેહમાં મોટા થઇ બેઠા છો, પણ જ્યારે આંહી આવશો ત્યારે આંખો ઉઘડશે, ત્યારે શ્રી દેવચંદજીની પરીક્ષા થાશે । શ્રી ધામ તમે એહવી કરી દીઠી જે માયાને લાગીને તેને ઘરે પહોંચતા થાશો । ભાઈજી જાગ્યાનો સમૈ હવે આવ્યો છે । જાગ્રત સખિયો જે હરખ વાળિયો કહિયો તે સખિયો આવતાં સર્વ સાથ ભેલો થાશે । ત્યારે આવેશ તોલાશે, વારનાયો તોલાશે, જાગ્રત બુદ્ધિ તોલાશે, તારતમ તોલાશે, આજ્ઞા હુકમ તોલાશે, તે સમે સર્વે આવી

મળ્યા છે । કાજી, મુલ્લા, આલિમ, આરિફ, પીર, ફિરસ્તા, પૈગંબર, પંડિત, જ્ઞાની, ષટદર્શન, ષટશાસ્ત્ર, વેદ કતેબ, જેટલો કોઇ સંસારમાં વેષધારી જૈન વૈષ્ણવ સર્વ મલી એક દ્વાર ભેળા થાશે । સર્વ જે અહંકાર લીધે ઉભા છે તે સર્વના અહંકાર મેલાશે, માયાને ત્યારે દેખશો । કતેબ માંહે લખ્યો છે જે સાહેબ કાજી થઇ સર્વનું લેખું લેશે । એક દાન મારીને ઉઠાડશે, ફરી નહીં મરે । તે સાહેબનું સહુ કોય દર્શન પામશે । તે સાહેબ શ્રી દેવચંદ્રજી બીના કોય ત્રીજો છે જે આવશે । તમારીઓ ઠલા ફુટીયો છે । જો વસ્તનો ખપ કરો તો સુતા હોય તે બેઠા થાજો. બેઠા હોય તે ઉભા થાજો, ઉભા હોય દોડજો । નહીં તો ઘણો પછતાપ કરશો ।

॥ એકના ભૂલા દોય ॥ ॥ પત્રી સમાપ્ત ॥



v

# प्रणामजी

www.nijanand.org